# ઉધના પો. સ્ટે. માં કુલ ૧૯ બાળ શ્રમિકોને શોધી કાઢી સંચાલકના કબ્જામાંથી મુક્ત કરતી AHTU/ મીસીંગ સેલ, ક્રાઈમ બ્રાંચ, સુરત શહેર.

સુરત શહેરના ઉધના પો.સ્ટે. વિસ્તારમાં બાળ શ્રમિકોને શોધવા માટે પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન (૧) ઉધના વોર્ડ નં. ૪૧ ટી. પી. સ્કીમ નં.૭, પ્લોટ નં. બી/૧, પુષ્પાનગર આંજણા, સુરત તથા (૨) એમ.જે ફેશન પુષ્પાનગર ભાઠેના, ઉધના, સુરત તથા (૩)પુષ્પાનગર, એસ-સહેલી-૨, આંજણા, ઉધના, સુરત તથા (૪) વોર્ડ નં.૪૧, ટી.પી.નં.૭, પ્લોટ નં.૩૨, પુષ્પાનગર વિભાગ-૧, શિવશક્તિનગર આંજણા, સર્વે નં.૧૫૮, ના બીજા માળે વિગેરે જગ્યાએ રેઇડ પાડતા કુલ-૧૯ શ્રમિક બાળકો પાસેથી સવાર કલાક ૦૯/૦૦ થી રાત્રીના ૧૦/૦૦ વાગ્યા સુધી મજુરી કરાવી કામ લઇ, લઘુત્તમ વેતન કરતાં ઓછું વેતન ચુકવી, તેઓનું શારીરિક, આર્થિક શોષણ કરતા અલગ અલગ સંસ્થાના જવાબદાર ઇસમો પાસેથી બાળ શ્રમિકોને સંસ્થામાંથી મુક્ત કરાવી ચિલ્ડ્રન હોમ, કતારગામ, સુરત શહેર ખાતે વધુ કાઉનસલીંગ માટે સુપ્રત કરવામાં આવેલ છે. તેમજ સંચાલક વિરૂધ્ધ બાળ અને તરુણ (પ્રતિબંધ અને નિયમન) કાયદો-૧૯૮૬ ની કલમ-૩, અને કલમ ૧૪(૧) હેઠળ તથા જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન)એક્ટ-૨૦૧૫ ની કલમ ૭૯ મુજબ ઉધના પો.સ્ટે.માં ગુન્હો દાખલ કરેલ છે.